Spcs 30-2013

## <u>આંક-11 લગત હુકમ</u>

વાદીએ હાલનો દાવો દાખલ તારીખ ૧૭/૦૧/૨૦૧૩ ના રોજ નામદાર કોર્ટમાં દાખલ કરેલ છે ત્યારબાદ પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ /નોટીસ બજવા માટે કામ મુલતવી છે. આ કામે પ્રતિવાદી નં. ૫/૨નાએ વાદી આગળ ચલાવતા ન હોય વાદીનો દાવો ડીસમીસ કરવા હાલની અરજી આપેલ છે. આમ, દાવાનું કામ ઘણા સમયથી પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ /નોટીસ બજવા પર મુલતવી હોય અને વાદી તરફે હાજર રહી ઘણાં લાંબા સમયથી કોઈ પ્રતિવાદીઓને સમન્સ/નોટીસ બજાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય તેમજ રેકર્ડ જોતા વાદી કે વાદીના વિ.વ.શ્રી ઘણા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી કે કોઈ કાર્યવાહી પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ/નોટીસ બજાવવા કરેલ નથી. આજ રોજ પણ વાદી તથા વાદીના વિ.વ.શ્રીનો પોકાર કરાવતા કોઈ હાજર નથી કે રીપોર્ટ નથી. આમ, કામ ઘણાં સમયથી પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ/નોટીસની બજવણી માટે છે અને વાદી પણ ઘણા સમયથી નામદાર કોર્ટમાં હાજર રહેલ નથી કે કોઈ કાર્યવાહી કરેલ નથી અને તેથી દાવાનું કામ આગળ ચાલતુ નથી. આમ વાદીને દાવો ચલાવવામાં રસ હોય તેવું જણાઈ આવતું નથી. આમ, વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર -૯ રૂલ-૫ મુજબ પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ/નોટીસ બજાવવા અંગે યોગ્ય કાર્યવાહી ન કરવાને લીધે તેમજ વાદીની ગેરહાજરીને લીધે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તા. ૦૩/૦૪/૨૦૨૪
અમદાવાદ(ગ્રામ્ય)

(તખતસિંહ જુજારસિંહ દેવડા)
ચોથા એડી. સીની. સીવીલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
(જજ કોડ જીજે-૦૦૯૪૪)

**<u>આંક-1 લગત હુકમ</u>**

પ્રતિવાદીનં. ૫/૨ની આંક-૧૧ની અરજી લગત થયેલ હુકમ મુજબ વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર -૯ રૂલ-૫ મુજબ પ્રતિવાદી નં. ૧ થી ૫/૧, ૫/૩થી ૯ને સમન્સ/નોટીસ બજાવવા અંગે યોગ્ય કાર્યવાહી ન કરવાને લીધે તેમજ વાદીની ગેરહાજરીને લીધે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

દાવાનો ખર્ચ વાદીએ ભોગવવો.

તા. ૦૩/૦૪/૨૦૨૪
અમદાવાદ(ગ્રામ્ય)

(તખતસિંહ જુજારસિંહ દેવડા)
ચોથા એડી. સીની. સીવીલ જજ,
અમદાવાદ(ગ્રામ્ય), નવરંગપુરા
(જજ કોડ જીજે-૦૦૯૪૪)